"રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ–૨૦૦૫"
અન્વયે માહિતી/પત્રકો/રજીસ્ટરો/પુસ્તિકા
મોકલવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: મહત–૨૦૦૬–૩૭–આર.ટી.આઈ. સેલ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૨૪/૧/૨૦૦૬

**આમુખ :**

(૧) સા.વ.વિ.નો તા.૧૬/૧૧/૨૦૦૫નો પરિપત્ર ક્રઃ વહસ–૧૦૨૦૦૫–૨૫૫૬–આર.ટી.આઈ.સેલ
(૨) સા.વ.વિ.નો તા.૯/૧૨/૨૦૦૫નો પત્ર ક્રઃવહસ–૧૦૨૦૦૫–૨૫૫૬–આર.ટી.આઈ.સેલ
(૩) સા.વ.વિ.નો તા.૧૫/૧૨/૨૦૦૫નો પત્ર ક્રઃવહસ–૧૦૨૦૦૫–૨૫૫૬–આર.ટી.આઈ.સેલ(૧૭ મુદ્દાઓની માહિતી પુસ્તિકા)
(૪) સા.વ.વિ.નો તા.૧૫/૧૨/૨૦૦૫નો પત્ર ક્રઃવહસ–૧૦૨૦૦૫–૨૫૫૬–આર.ટી.આઈ.સેલ(PIO/APIO/એપેલેટ ઓથોરીટીની માહિતી પુસ્તિકા)

**પરિપત્ર :**

રાજયમાં રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ–૨૦૦૫ તા.૧૨/૧૦/૨૦૦૫ થી અમલમાં છે. સદરહુ એક્ટ અન્વયે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા, આમુખ–(૧) ના પરિપત્ર તથા આમુખ–(૨) થી (૪)ના પત્રોથી આર.ટી.એક્ટની કામગીરીને અનુલક્ષીને સચિવાલયના વિભાગો પાસેથી માહિતી મંગાવવામાં આવેલ છે. આ માહિતી દરેક વિભાગ પાસેથી પત્રક/રજીસ્ટર/પુસ્તિકા/અન્ય માહિતી સ્વરૂપે, સંકલિત કરીને અત્રે મંગાવવામાં આવેલ છે.

૨. **આર.ટી.આઈ.એક્ટને સંબંધિત માહિતી મોકલવા અંગે, અત્રે ધ્યાને આવેલ છે કે, કેટલાંક વિભાગો દ્વારા તેમના ખાતાના વડા/તાબાની કચેરીઓને "બારોબાર આર.ટી.આઈ.સેલને માહિતી મોકલવી", તેમ જણાવવામાં આવેલ છે, જે યોગ્ય નથી. દરેક વિભાગે આર.ટી.આઈ. એક્ટને લગતી માહિતી તેમના વહીવટી નિયંત્રણ નીચેના ખાતાના વડા/તાબાની કચેરીઓ પાસેથી મેળવી, *સંકલિત કરી,* અત્રે તથા ગુજરાત રાજય માહિતી આયોગને મોકલી આપવાની રહે છે. આથી, ભવિષ્યમાં ઉપરોક્ત ક્ષતિનું પુનરાવર્તન ન થાય તેની કાળજી લેવા સૂચના આપવામાં આવે છે.**

૩. તદ્ઉપરાંત આપના વિભાગ હેઠળના ખાતાના વડા/તાબાની કચેરીઓ(જાહેર સત્તામંડળો) આર.ટી.આઈ.એક્ટને લગતી કોઈપણ માહિતી/પૂછપરછ/માર્ગદર્શન બારોબાર તેઓ દ્વારા અત્રે ન કરતાં, જે તે સંબંધિત વિભાગને જ કરે તેમજ આ અંગેની કોઈપણ માહિતીની નકલ પણ આર.ટી.આઈ.સેલ/